# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

**સંદર્ભ :–** કુલસચિવ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરનો તા.૦૧–૦૪–'૧૬ નો પત્ર ક્રમાંક : મહેકમ / ૨ / ઈ / ૩૩.

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ પરનાં પત્રની વિગતે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરમાં રીડર, લેક્ચરર તેમજ સ્ટાફ નર્સની જગ્યાઓ ભરવા માટે વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે જે આ સાથે સામેલ રાખેલ છે, જે ધ્યાને લઈ લાયકાત ધરાવનાર તે અંગે માહિતગાર થાય તે માટે કોલેજ નોટિસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા યોગ્ય કાર્યવાહી કરશો.

કુલસચિવ

**બિડાણ :–** સંદર્ભ પત્ર તથા જાહેરાતની નકલ

નં. જોડાણ / ૨ / ૦૯૫ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ००૫**
તા. ૨૩/ ૦૪ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
(યોગ્ય કાર્યવાહી અર્થે)....

**નકલ રવાના :–**

૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...

website: www.ayurveduniversity.edu.in
Toll free : 1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

(મહેકમ શાખા)
ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008.
Email : info@ayurveduniversity.com
est@ayurveduniversity.com
ફોન : 0288-2556852
ફેક્સ : 0288-2555585

નં. મહેકમ/૨/ઈ/ 33

તા. ૦૧/૦૪/૨૦૧૬

પ્રતિ

યુનિવર્સિટીના સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ(નોટીસ બોર્ડ ઉપર મુકવાની વિનંતી સાથે)

વિષય :- ખાલી જગ્યાઓની જાહેરાત અંગે.

મહાશય,

આ યુનિવર્સિટીની ખાલી જગ્યાઓની જાહેરાત "જીએયુ નં. ૧/૨૦૧૬ નો સુધારો" વર્તમાનપત્રમાં આપવામાં આવેલ છે, તેની નકલ આ સાથે સામેલ છે, જે આપની કોલેજમાં કાર્ય કરતાં કર્મચારીઓમાં બહોળી પ્રસિધ્ધિ માટે પરિપત્રિત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( આર. એમ. ઝાલા )
કુલસચિવ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
જોડાણ વિભાગ
13 APR 2016
ઈનવર્ડ નંબર : ...

૧૧૦૮

બિડાણ :- ઉપર મુજબ.

નકલ રવાના :-

(૧) સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) નાયબ સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, સચિવાલય, ગાંધીનગર.
(૪) સેનેટના સર્વે સદસ્યશ્રીઓ તરફ...
(૫) ગુજરાત રાજયની યુનિવર્સિટીઓના કુલસચિવશ્રીઓ તરફ...
(૬) નિયામકશ્રી, આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ., જામનગર.
(૭) નિયામકશ્રી, બોટાનીકલ ગાર્ડન વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૮) નિયામકશ્રી ફાર્મસી, ફાર્મસી વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૯) આચાર્યશ્રી, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર.
(૧૦) સુપ્રિ.શ્રી, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ ચિકિત્સાલય, જામનગર.
(૧૧) સુપ્રિ.શ્રી., આઈ.પી.જી.ટી. એન્ડ આર. એ. હોસ્પિટલ, જામનગર.
(૧૨) નિયામકશ્રી શારીરીક શિક્ષણ, બોર્ડ ઓફ સ્પોર્ટસ વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૧૩) મુખ્ય હિસાબી અધિકારી, હિસાબી શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૧૪) નાયબ કુલસચિવશ્રી, પરીક્ષા શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૧૫) નાયબ કુલસચિવશ્રી, સેનેટ સિન્ડિકેટ શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૧૬) નાયબ કુલસચિવશ્રી, મહેકમ શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૧૭) મદદનીશ કુલસચિવશ્રી, એકેડેમીક વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૧૮) એસ્ટેટ મેનેજરશ્રી, એસ્ટેટ વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૧૯) માહિતી અને જનસંપર્ક અધિકારીશ્રી, માહિતી વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૨૦) પ્રેસ અને પ્રકાશન અધિકારીશ્રી, પ્રેસ વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૨૧) પી.એસ. ટુ વી. સી., કુલપતિશ્રી કાર્યાલય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૨૨) પી.એ. ટુ રજીસ્ટ્રાર, કુલસચિવશ્રી કાર્યાલય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૨૩) પ્રોગ્રામ ડાયરેકટરશ્રી, આઈ.સી.એ.એસ., ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૨૪) આચાર્યશ્રી, આઈ.આઈ.એ.પી.એસ., ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૨૫) આચાર્યશ્રી, એમ.પી.આઈ.વાય.એન.ઈ.આર., ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
(૨૬) પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ પ્રોજેકટ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૨૭) પ્રોગ્રામ ડાયરેકટરશ્રી, સ્કુલ ઓફ કન્ટીન્યુઈંગ એજયુકેશન, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

( આપના વિભાગમાં કાર્ય કરતાં સંબંધિત કર્મચારીઓને જાણ કરવાની વિનંતી સાથે)

## જાહેરાત જીએયુ - નં. 1/2016 નો સુધારો

**ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,**

**ચાણકય ભવન, પોલીસ ભવન સામે, જામનગર – 361 008**

ઉપસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા. 15/02/2012 ના ઠરાવ ક્રમાંક જીએયુ/102011/2061/છ તથા તા. 27/12/2013 ના ઠરાવ ક્રમાંક અયદ/1008/એસ.એફ.એસ.-216/છ થી રીડર વર્ગ-1 ની તેમજ લેકચરર વર્ગ-ર ની જગ્યાઓ ભરવાની મંજુરી મળેલ છે. તેમજ સંયુકત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા. 23/09/2015 ના ઠરાવ ક્રમાંક જીએયુ/102011/3200/છ થી રીડર વર્ગ-1 ની કુલ-5, લેકચરર વર્ગ-ર ની કુલ-17 તેમજ સ્ટાફનર્સ-વર્ગ-3 ની કુલ-3 જગ્યાઓ ભરવાની મંજુરી મળેલ છે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર ખાતે રીડર વર્ગ-1 ની કુલ-6, લેકચરર વર્ગ-ર ની કુલ-18 તથા યુજી ચિકિત્સાલય ખાતે સ્ટાફનર્સ-વર્ગ-3 ની કુલ-3 જગ્યાઓ ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે:-

| ક્રમ | જગ્યાનું નામ તથા વર્ગ | વિષય | જગ્યા ની સંખ્યા | કેટેગરી | પગાર ધોરણ | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|
| 1 | રીડર–વર્ગ–1 | રસશાસ્ત્ર અને બી.કે. | 01 | અ.જ.જા. (ST) | પીબી-3, રૂ. 15600-39100, ગ્રેડ-પે- રૂ. 6600/- | રીડરની કુલ-6 પૈકી – ર, લેકચરર ની કુલ-18 પૈકી 6 તથા સ્ટાફનર્સ ની કુલ-3 પૈકી 1 જગ્યા મહિલા ઉમેદવાર થી ભરવાની રહે છે. |
| ર | રીડર–વર્ગ–1 | પ્રસુતિતંત્ર અને સ્ત્રીરોગ (ચોથો પ્રયત્ન) | 01 | સા.શૈ.પ. (SEBC) | | |
| 3 | રીડર–વર્ગ–1 | પંચકર્મ | 01 | સા.શૈ.પ. (SEBC) | | |
| 4 | રીડર–વર્ગ–1 | કાયચિકિત્સા | 01 | જનરલ (GENERAL) | | |
| 5 | રીડર–વર્ગ–1 | શારીરક્રીયા | 01 | જનરલ (GENERAL) | | |
| 6 | રીડર–વર્ગ–1 | શાલકયતંત્ર | 01 | જનરલ (GENERAL) | | |
| 7 | લેકચરર–વર્ગ–ર | શલ્યતંત્ર (પાંચમો પ્રયત્ન) | 01 | અ.જ. જા. (ST) | માસિક ફીકસ રૂ. 30,000/- (Likely to be Revised) | |
| 8 | લેકચરર–વર્ગ–ર | સ્વસ્થવૃત | 01 | સા.શૈ.પ. (SEBC) | | |
| 9 | લેકચરર–વર્ગ–ર | શલ્યતંત્ર | 01 | સા.શૈ.પ. (SEBC) | | |
| 10 | લેકચરર–વર્ગ–ર | પ્રસુતિતંત્ર અને સ્ત્રીરોગ | 01 | અ.જા. (SC) | | |
| 11 | લેકચરર–વર્ગ–ર | દ્રવ્યગુણ | 01 | સા.શૈ.પ. (SEBC) | | |
| 12 | લેકચરર–વર્ગ–ર | સંસ્કૃત સંહિતા | 01 | સા.શૈ.પ. (SEBC) | | |
| 13 | લેકચરર–વર્ગ–ર | રોગ વિજ્ઞાન | 01 | અ.જ. જા. (ST) | | |
| 14 | લેકચરર–વર્ગ–ર | સંસ્કૃત | 01 | સા.શૈ.પ. (SEBC) | | |
| 15 | લેકચરર–વર્ગ–ર | અગદતંત્ર | 01 | જનરલ (GENERAL) | | |
| 16 | લેકચરર–વર્ગ–ર | કાયચિકિત્સા | 01 | જનરલ (GENERAL) | | |
| 17 | લેકચરર–વર્ગ–ર | રસશાસ્ત્ર અને બી.કે. | 01 | જનરલ (GENERAL) | | |
| 18 | લેકચરર–વર્ગ–ર | કાયચિકિત્સા | 01 | જનરલ (GENERAL) | | |
| 19 | લેકચરર–વર્ગ–ર | શાલકયતંત્ર | 01 | જનરલ (GENERAL) | | |
| 20 | લેકચરર–વર્ગ–ર | દ્રવ્યગુણ | 01 | જનરલ (GENERAL) | | |
| 21 | લેકચરર–વર્ગ–ર | સંસ્કૃત સંહિતા | 01 | જનરલ (GENERAL) | | |
| 22 | લેકચરર–વર્ગ–ર | રોગવિજ્ઞાન | 01 | જનરલ (GENERAL) | | |
| 23 | લેકચરર–વર્ગ–ર | શારીરરચના | 01 | જનરલ (GENERAL) | | |
| 24 | લેકચરર–વર્ગ–ર | શારીરક્રીયા | 01 | જનરલ (GENERAL) | | |
| 25 | સ્ટાફનર્સ–વર્ગ–3 | --- | 03 | 1 - સા.શૈ.પ. (1 – SEBC) ર-જનરલ (2 – GENERAL) | માસિક ફીકસ રૂ. 13,500/- તથા ખાસ ભથ્થું રૂ.1500/- | |

સ્નાતક તથા અનુસ્નાતકના અંતિમ વર્ષના પ્રયત્નનું પ્રમાણપત્ર, યુ.જી. તથા પી.જી. ના અંતિમ વર્ષનું પ્રમાણપત્ર, સ્નાતક, અનુસ્નાતક તથા પીએચ.ડી. **Concerned Subject** (જો પીએચ. ડી. કરેલ હોય તો) ની ડીગ્રી / પ્રમાણપત્ર તથા થીસીસ રજીસ્ટ્રેશન, જરૂરી તમામ લાયકાત, અનુભવ સાથેના સ્વયં પ્રમાણીત પ્રમાણપત્રો અરજી ફોર્મ સાથે તા. 18/04/2016 સુધીમાં યુનિવર્સિટીને રૂબરૂ /રજી.એ.ડી./ કુરીયર ધ્વારા મળી જાય તે રીતે મોકલવાનું રહેશે.

**જાહેરાત જીએયુ નં. 1/2016 ના અનુસંધાને જે ઉમેદવારોએ અરજી કરી હોય તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં, પરંતુ જરૂરી આધારો જોડવા માંગતા હોય તો મોકલી આપવાના રહેશે.**

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ

(1) જાહેરાત જીએયુ નં. 1/2016 માં દર્શાવેલ રીડરની તમામ જગ્યાઓ નિયમિત પગારધોરણમાં, લેકચરરની તમામ જગ્યાઓ એડહોક ધોરણે, માસિક રૂપીયા 30,000/- ના ફીકસ પગારથી બોલીઓ અને શરતોને આધિન નિમણુંક કરવામાં આવશે. લેકચરરની જગ્યાઓની બોલીઓ અને શરતો પરિશિષ્ટ-1 થી સામેલ છે. સ્ટાફનર્સની તમામ જગ્યાઓ ફીકસ પગાર રૂ. 13,500/- તથા ખાસ ભથ્થું રૂ.1500/-મળી રૂ. 15000/માં બોલીઓ અને શરતોને આધિન નિમણુંક કરવામાં આવશે. સ્ટાફનર્સની જગ્યાઓની બોલીઓ અને શરતો પરિશિષ્ટ-2 થી દર્શાવેલ છે.

(૨) અરજી સાથે કુલસચિવ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો સામાન્ય વર્ગના ઉમેદવારોએ રૂ. 1000/- નો તથા અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / સામાજીક શૈક્ષણીક પછાત / શારીરીક ખોડખાંપણવાળા ઉમેદવારોએ રૂ. 250/- નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફટ જોડીને મોડામાં મોડી તા. 18/04/2016 સુધીમાં યુનિવર્સિટીને મળી જાય તે રીતે અરજી ફોર્મ મોકલવાનું રહેશે.

(3) ફકત ભારતીય નાગરીકત્વ ધરાવતાં ઉમેદવારો જ અરજી કરી શકશે.

(4) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ ભરવી કે ન ભરવી તથા ઇન્ટરવ્યુમાં હાજર રહેલ ઉમેદવારને પસંદ કરવા કે ન કરવા તે બાબતનો યુનિવર્સિટીનો હકક અબાધિત રહેશે.

(5) જરૂરી અસલ દસ્તાવેજો વગર ઇન્ટરવ્યુમાં હાજર રહેશે તેવા ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે લાયક ગણવામાં નહીં આવે.

(6) નોકરી કરતાં ઉમેદવારોએ પોતાના વિભાગનું ના-વાંધા પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.

(7) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર ઉપલી વય મર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.

(8) જો એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરવાની હોય તો દરેક જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

(9) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે એક જગ્યા અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે. પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ 07 જગ્યાઓ પૈકી 02 જગ્યાઓ મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી 05 જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(10) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે, મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરૂષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે, પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યામાં લેવામાં આવશે. (દાત. 02 જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને એક મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો એક પુરૂષ ઉમેદવાર પસંદગી પામી શકે છે.)

3

(11) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણીક લાયકાત, જરૂરી વય મર્યાદા અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ધરાવતાં હોવા જોઇએ.

(12) ઉમેદવારોએ તેઓની શૈક્ષણીક લાયકાત માન્ય યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇએ.

(13) અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના લાયકાત ધરાવતાં ઉમેદવારોને જ નિયમ અનુસાર પોતાના રહેઠાણના સ્થળેથી જામનગર અને જામનગરથી રહેઠાણના સ્થળે પરત જવા માટે બીજા વર્ગનું રેલ્વે ભાડુ અથવા એસ.ટી. ભાડુ ચૂકવવામાં આવશે.

(14) મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(15) ઉમેદવારે અરજીપત્રકની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(16) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતાં ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર રહેશે.

(17) સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહીં થતો હોય તો જ મળવાપાત્ર રહેશે.

(18) સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. 06/02/1996 ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ – ક (ગુજરાતીમાં) ના નમૂના મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પીતાની આવક સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમજી અરજી રદ કરવામાં આવશે. અરજી સાથે પરિશિષ્ટ – ક ના બદલે એનેક્ષર – એ (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે, કેમ કે, એનેક્ષર – એ ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ-ક) (ગુજરાતીમાં) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિન અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(19) જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, શારીરીક અશકતતા, મહિલા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તો તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

(20) <u>ગેરલાયક ઉમેદવાર</u> :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ / યુનિવર્સિટી / અન્ય કોલેજ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

<u>ફરજીયાત નિવૃતિ, રૂખસદ, બરતરફ</u> :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી કે યુનિવર્સિટી / કોલેજમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

(21) <u>રજીસ્ટ્રેશન</u> :-

ઉમેદવારે માન્ય બોર્ડ ધ્વારા આયુર્વેદ પ્રેકટીસ કરી શકે તેવું ભારતના કોઇપણ રાજયમાંથી અથવા સેન્ટ્રલ કાઉન્સીલમાંથી રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઇએ. આ રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ અરજી સાથે જોડવાની રહેશે અને અરજી સમયે રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર પણ રજુ કરવાનું રહેશે.

(૨૨) ઉમેદવારે તેની શૈક્ષણીત લાયકાત / અનુભવ / ઉંમર / અનામત વિગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણુંક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે. જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખૂબ જ ચોકકસાઇથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ યુનિવર્સિટીમાં રજુ કરવાના રહેશે.

(23) ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહીં ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણીત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડા કરવા નહીં અથવા તેઓએ આવા ચેડા કરેલ / બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહીં જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણીત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.

(24) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર આ જગ્યાના ભરતીના નિયમો તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતાં નથી તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તકકે રદ કરવામાં આવશે.

(25) કોમ્પ્યુટર જ્ઞાનની સીસીસી+ / સીસીસી ની પરીક્ષા સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર પાસ કરવાની રહેશે.

(26) ઉમેદવારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે, અનુભવે એમ જણાય છે કે, અરજી પત્રક સાથે બિડવાના બિડાણો / પ્રમાણપત્રો વિગેરે અંગે પૂરતી કાળજી ઉમેદવારો ધ્વારા લેવામાં આવતી હોતી નથી. ઉમેદવારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કોઇક પ્રમાણપત્રો બિડવાના રહી જતાં હોય છે કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સૂચના મુજબના હોતા નથી. આવા પ્રસંગોએ યુનિવર્સિટીએ તેઓની અરજી રદ કરવી પડે છે. આ પ્રકારની બાબત આપના કેઇસમાં ન બને તે માટે અરજી યુનિવર્સિટીમાં રજુ કરતાં પહેલાં આ અંગે પૂરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ તે અરજી આપના તરફથી રજુ કરવામાં આવે તે જોવા જાણ કરવામાં આવે છે.

(૨૭) ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ અરજી સાથે જોડવાની રહેશે.

(૨૮) વિધવા ઉમેદવારના કિસ્સામાં બીજા લગ્ન કરેલ નથી તેવું સોગંદનામું અરજી સાથે જોડવાનું રહેશે.

(29) ભરતીના નિયમ અનુસાર જયાં અનુભવ માંગેલ હોય ત્યાં ઉમેદવારે સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ અરજી સાથે ફરજીયાતપણે જોડવાની રહેશે. જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર ધારણ કરેલ જગ્યા કે હોદો, અનુભવનો સમયગાળો, અનુભવનો પ્રકાર તેમજ મેળવવામાં આવતાં પગાર અને ભથ્થાંની વિગત ફરજીયાતપણે દર્શાવવાની રહેશે.

(30) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે
(આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે, જે સંપૂર્ણ નથી. )
- (એ) અરજીમાં વિગતો અધુરી કે અવાચ્ય હોય.
- (બી) અરજી ફેકસથી અથવા ઇ-મેઇલથી મોકલાવેલ હોય.
- (સી) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.
- (ડી) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણીક પછાત વર્ગ તથા શારીરીક અશકતતા ધરાવતાં ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.
- (ઇ) સામાજીક અને શૈક્ષણીક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.
- (એફ) ઉમેદવારે શૈક્ષણીક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.
- (જી) જન્મ તારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્ર / સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ રજુ કરેલ ન હોય.

(31) રીડર તથા લેકચરરની જગ્યાના સંદર્ભમાં રુબરુ મુલાકાતને પાત્ર ગણવાના થતાં ઉમેદવારોની સંખ્યા માટે યુનિવર્સિટી ધ્વારા ઠરાવેલ ધોરણો મુજબ આશરે છ ગણાથી વધારે ઉમેદવારો પાત્રતા ધરાવતા હશે તો સંખ્યા મર્યાદિત કરવા યુનિવર્સિટી ધ્વારા લેખિત પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. લેખિત પ્રાથમિક કસોટીના પરિણામ બાદ રીડર તથા લેકચરરની જગ્યાના સંદર્ભે અરજી ચકાસણીના તમામ તબકકામાં ગુણ ક્રમાનુસાર પ્રથમ સંબંધિત વિદ્યાશાખાના ઉમેદવારોને રુબરુ મુલાકાત માટે ધ્યાને લેવામાં આવશે. આ કસોટીનું માધ્યમ અંગ્રેજી રહેશે તેમજ રીડર તથા લેકચરરની પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે નહીં.

(32) ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ-102015-1223-ક મુજબ વર્ગ-૩ અને 4 સંવર્ગની તમામ જગ્યાઓની ભરતી પ્રકીયામાં રુબરુ મુલાકાત (ઇન્ટરવ્યુ) ની જોગવાઇ રદ કરવામાં આવતાં તદઅનુસાર યુનિવર્સિટીની સ્ટાફનર્સ વર્ગ-૩ ની જગ્યા માટે લેખિત પરીક્ષા લેવામાં આવશે. જે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે અને આ પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે જ કેટેગરીવાઇઝ મેરીટ તૈયાર કરીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

## -: Recruitment Rules :-

**Recruitment Rules for the Post of Principal, Professor, Reader (Except Sanskrit) / Lecturer (Except Sanskrit), Reader (Sanskrit), Lecturer (Sanskrit), Teacher (Physical Education) are as per Statute–193 of Gujarat Ayurved University.**

### (1) Reader (Except Sanskrit)

**ESSENTIAL :- As per C.C.I.M. norms, as and when applicable.**

*(A) A degree in Ayurved from a university established by law or a statutory Board / Faculty / Examining body of Indian Medicine or its equivalent as recognized under Indian Medicine Central Council Act, 1970.

*(B) A post graduate qualification in the subject / speciality concerned included in the schedule to Indian Medicine Central Council Act, 1970.

***As per Gazette Notification of C.C.I.M. dated 26/04/2012 and amendment in that from time to time.**

**EXPERIENCE :-**

Teaching Experience of five years in concerned subject. **(As per Gazette Notification of C.C.I.M. dated 26/04/2012 and amendment in that from time to time.**

**#*AGE :- As per norms of Government of Gujarat as and when applicable.**

***NOT MORE THAN 40 YEARS** (As per the advertisement of various teaching posts given by Department of ISM & H., Governemnt of Gujarat, Gandhingar in Gujarat Samachar News Paper dated 05/02/2012.

### (૨) Lecturer (Except Sanskrit)

**ESSENTIAL :- As per C.C.I.M. norms, as and when applicable.**
**(As per Gazette Notification of C.C.I.M. dated 26/04/2012 and amendment in that from time to time.**

(A) A degree in Ayurved from a university established by law or a statutory Board / Faculty / Examining body of Indian Medicine or its equivalent as recognized under Indian Medicine Central Council Act, 1970.

(B) A post graduate qualification in the subject / speciality concerned included in the schedule to Indian Medicine Central Council Act, 1970.

**NOTE :-**
In absence of the candidate of Post – Graduate qualification in concern subject the candidate of the following subjects as mentioned against them shall be eligible for the post of Lecturer / Assistant Professor :-

| Speciality required | Name of the allied subject |
|---|---|
| 1. Swastha Vritta | 1. Kayachikitsa |
| 2. Agadtantra | 2. Dravyaguna / Rasashastra |
| 3. Rog Vigyan | 3. Kayachikitsa |
| 4. Rachna Sharir | 4. Shalya |
| 5. Kriya Sharir | 5. Samhita Siddhant |
| 6. Shalakya | 6. Shalya |
| 7. Panchakarma | 7. Kayachikitsa |
| 8. Balroga | 8. Prasuti & Striroga / Kayachikitsa |
| 9. Kayachikitsa | 9. Manasroga |
| 10. Shalya | 10. Nischetana evam ksha-kirana |

**#*AGE :- NOT MORE THAN 35 YEARS** (As per the advertisement of various teaching posts given by Department of ISM & H., Governemnt of Gujarat, Gandhingar in Gujarat Samachar News Paper dated 05/02/2012.

## (3) Lecturer (Sanskrit)

**ESSENTIAL :-**

(A) Post-Graduate degree with II class in Sanskrit of any University established by law.

**DESIRABLE :-**

(A) Good knowledge of Hindi, English and Gujarati.

**#AGE :- NOT MORE THAN 40 YEARS**

#માન. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. 06/10/2015 ના ઠરાવ ક્રમાંક સીઆરઆર-112008-282323-ગ.પ થી મહતમ વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવાનો નિર્ણય લેવાયેલ છે. તેના અનુસંધાને યુનિવર્સિટીની સિન્ડીકેટ ધ્વારા તા. 16/10/2015 ની સભામાં બાબત-1 થી યુનિવર્સિટીના વર્ગ-1 તથા 2 ની જગ્યાના ભરતીના નિયમોમાં પાંચ વર્ષનો વધારો કરવાનો નિર્ણય થયેલ છે તદઅનુસાર આ ભરતી પ્રક્રીયામાં રીડર તથા લેકચરરની વયમર્યાદા નીચે મુજબની રહેશે :-

#Reader (Except Sanskrit) :- Age :- NOT MORE THAN 45 YEARS
#Lecturer (Except Sanskrit) :- Age :- NOT MORE THAN 40 YEARS
#Lecturer (Sanskrit) Age :- NOT MORE THAN 45 YEARS

## (4) Staff Nurse

**Essential :**

1. Diploma in Nursing in Ayurveda i.e. qualified Ayurveda Nursing Course Certificate obtained from Gujarat Nursing faculty established by Government of Gujarat.

**OR**

B. P. N./ G.N. M./ A. N. M. registered with Gujarat Nurses Midwife's and Health visitors Council of Gujarat i. e. Gujarat Nursing Council.

**OR**

Any other qualification equivalent to the above qualification.

2. Age : Not more than 30 years.

**Relaxation :**
There is no age bar for internal candidate

તા. 01/04/2016
જામનગર

( આર. એમ. ઝાલા )
કુલસચિવ

## પરિશિષ્ટ-1

## (ફકત લેકચરરની ભરતી માટે)

બોલીઓ અને શરતો -

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. 27/12/2013 ના ઠરાવ ક્રમાંક અયદ / 1008 / એસએફએસ / 216 / છ સાથેનું જોડાણ

શરતો અને બોલીઓ

(1) સંબંધિત જગ્યાના ભરતી નિયમો અનુસાર સીધી ભરતીથી ભરવાની રહેશે.

(૨) નિયત ફીકસ વેતન પર કોઇપણ જાતનાં ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

(3) ફીકસ વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત, મેડીકલ રીએમ્બર્સમેન્ટ અથવા પગાર પંચના બીજા લાભો કે અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(4) ફીકસ પગારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા / નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે અન્ય કોઇ નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર થશે નહીં.

(5) ઉકત સંવર્ગના અધિકારીઓ / કર્મચારીઓએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. આ માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકાશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીનો જરુરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(6) કાર્યમથક પર રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(7) અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(8) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરુરી શરતો નકકી થાય તે બંધનકર્તા રહેશે.

(9) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર કરી લેવાની રહેશે.

(10) નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇ જવાબદારી રહેશે નહીં.

(11) ફીકસ પગારની નિમણુંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવીષ્ટ માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહીં.

(૧૨) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(13) આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રકીયાને અનુસરીને કરવાની રહેશે અને નિયત અરજી પત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(14) આ રીતે નિમણુંક પામેલ ઉમેદવારની કામગીરીની સમીક્ષા કરવાની રહેશે અને જો કામગીરી સંપૂર્ણ સંતોષકારક જણાય તો જ વધુ સમય માટે ચાલુ રાખવાના રહેશે.

..........................................

ઉમેદવારની સહી

## પરિશિષ્ટ-૨

### (ફકત સ્ટાફનર્સની ભરતી માટે)

બોલીઓ અને શરતો -

(1) નિમણુંક પામનાર ઉમેદવારને રૂ. 13500/- તથા ખાસ ભથ્થું રૂ. 1500/- મળી કુલ- રૂ. 15000/- માસિક ઉચ્ચક પગાર ધોરણ મળશે. આ નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે. કરારની મુદત પાંચ વર્ષની રહેશે.

(૨) ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફીકસ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકશે.

(3) ગુજરાત સરકારના નાણાં વિભાગના તા. 20/10/2015 ના ઠરાવ ક્રમાંક ખરચ/2002/57/(પાર્ટ-)ઝ.1 માં દર્શાવેલ નીચે મુજબના લાભો કરારના પાંચ વર્ષ દરમ્યાન કર્મચારીને મળવાપાત્ર થશે.

(1) ફીકસ પગાર ઉપર માસિક ખાસભથ્થું
(૨) ખાસ.ભથ્થાં ઉપર વાર્ષીક વધારો
(3) દૈનિક ભથ્થું તથા મુસાફરી ભથ્થું
(4) વાર્ષીક પરચૂરણ રજા અને ખાસ રજા
(5) તબીબી સારવારના લાભ
(6) વધારાની કામીગરી માટે મહેનતાણું
(7) ગુજરાત સરકાર ધ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટેની રજા
(8) અકસ્માત / કુદરતી મૃત્યુના કીસ્સામાં વીમા કવચ

(4) કરારના સમયગાળા દરમ્યાન શ્રી ........................................................ ને ફીકસ વેતનમાં ઇજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(5) કરારના સમગગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

(6) કરારના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા / નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાંકીય લાભો યુનિવર્સિટી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહીં.

(7) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફીકસ વેતનની લ્હેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે, પરંતુ બીજા નાણાંકીય લાભ, એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(8) શ્રી ............................................... ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ યુનિવર્સિટીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(9) જો કર્મચરી મળવાપાત્ર રજા સિવાયની રજા ભોગવશે તો તે રજાના પગારની કપાત કરી લેવામાં આવશે મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

(10) શ્રી ................................ એ કાર્યમથક પર રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્યમથક છોડી શકાશે નહીં.

e

(11) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(12) યુનિવર્સિટી તરફથી વહીવટી હીતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(13) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

(14) નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ યુનિવર્સિટી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ યુનિવર્સિટીની કોઇ જવાબદારી રહેશે નહીં.

(15) કરાર આધારીત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યકિતને યુનિવર્સિટી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહીં.

(16) આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોથી ભરતીની નિયત કરાવેલ પ્રકીયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(17) આ રીતે નિમણુંક પામેલ ઉમેદવારની બે વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા બે વર્ષ પછી કરવાની રહેશે અને જો કામગીરી સંપૂર્ણ સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

(18) આ યોજના હેઠળ નિમણુંક મેળવેલ ઉમેદવારની પાંચ વર્ષની સેવાઓ / ફરજો સંતોષકારક જણાય તો પાંચ વર્ષ બાદ તેઓને જે તે સંવર્ગના નિયમિત પગાર ધોરણમાં લઘુતમ પગારમાં નિયમિત નિમણુંક આપવાની રહેશે એટલે કે, પાંચ વર્ષ બાદ જે તે જગ્યાઓ પુરા પગાર ધોરણમાં આપોઆપ પરિવર્તીત થયેલી ગણાશે, પરંતુ આ નિમણુંક તેમની નવી નિમણુંક ગણાશે અને તે સમયે નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થાં / સવલતો મળવાપાત્ર થશે.

(19) સીધી ભરતીની આ જગ્યાઓ ભરતીની નિયત પ્રકીયા અનુસાર ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળ / અન્ય મંડળ કે માન્ય સંસ્થાને માંગણી પત્રક મોકલતી વખતે નિયત અરજી ફોર્મમાં ઉપર દર્શાવેલ તમામ શરતો અને બોલીઓ અચુક આમેજ કરવામાં આવે છે તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

(20) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્રક આપવાનું રહેશે.

..........................................

ઉમેદવારની સહી